ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY

Vol No.: 51 • Issue No.: 47 • Date: 31-10-2024 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# સંઘનો રાષ્ટ્રવાદ અને એકતાનો ખોટો ખ્યાલ

(ન્યૂઝ ડેસ્ક) આ વાત પર કોઈ વાદ-વિવાદ નથી કે ભારતીય જનતા, હંમેશાં ધર્મ અને આસ્થા પ્રત્યે અત્યંત ગંભીર રહી છે. આરએસએસ દર વર્ષે દશેરાના દિવસે નાગપુરમાં એક વિશાળ રેલીનું આયોજન કરે છે અને તેના સર્વોચ્ચ નેતા દેશવાસીઓને સંબોધિત કરીને રાષ્ટ્રવાદ અને ધર્મને સાંકળતો સંદેશ આપે છે. આ વર્ષે ડૉ. મોહન ભાગવતે પણ આ જ વિષય પર ભાર મૂક્યો છે. ૧૯૨૫માં ડૉ. કેશવ બલિરામ હેડગેવારની આગેવાનીમાં સ્થપાયેલી આરએસએસ દાવો કરે છે કે તે જે કંઈ કરે છે તે રાષ્ટ્ર માટે કરે છે અને રાષ્ટ્રને સર્વોપરી માને છે. આ માટે તેઓ કલ્ચરલ નેશનલિઝમ, હિંદુત્વ જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. આનાથી સામાન્ય લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે અને એવું કહેવામાં આવે છે કે આ દેશમાં જન્મેલા માત્ર હિંદુ જ દેશભક્ત હોઈ શકે છે. અન્ય ધર્મના લોકો દેશદ્રોહી છે. આરએસએસ એવો પણ દાવો કરે છે કે તે સમાજમાં એકતા લાવવા માંગે છે. પરંતુ ડૉ. મોહન ભાગવતે આ વર્ષે તેમના ભાષણમાં આ એકતાને



અખંડ ભારત અને વિશ્વવ્યાપી હિંદુ સમાજ સાથે જોડી દીધી છે. દશેરાના તહેવાર દરમિયાન દેશભરમાં શસ્ત્રોનું પ્રદર્શન કરવામાં આવ્યું. હવે એવું કહેવામાં આવે છે કે શાસ્ત્રો સાથે શસ્ત્રો પણ રાખવા જોઈએ. પરંતુ આવું કરીને કોણ સુરક્ષા દળોને નબળા બનાવવા માંગે છે? બાંગ્લાદેશમાં હિંદુ અલ્પસંખ્યકોની એકતાનો ઉલ્લેખ કરતાં મોહન ભાગવત ભારતમાં અન્ય ધર્મના લોકોને દેશદ્રોહી ગણાવે છે.

વિજયાદશમીની પરંપરાને સંઘના દૃષ્ટિકોણથી જોવાની વાતને નકારી કાઢીને, દેશના શિક્ષિત દલિતો અને બૌદ્ધોએ અશોકના શાસનકાળને વિજયાદશમીના મહત્ત્વ સાથે જોડીને એક નવો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. રામ અને રાવણની કથાને માત્ર પૌરાણિક કથા ગણીને, આવા દૃષ્ટિકોણને ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રપૌત્ર સહિત ઘણા લોકોએ નકાર્યો છે. તેઓનું કહેવું છે કે કાલ્પનિક પાત્રોની પૂજા દ્વારા એક વિરોધી વિચારધારાને પ્રોત્સાહન આપવામાં આવે છે અને સમ્રાટ અશોકના દસ શીલ જેવા મહાન સિદ્ધાંતોને ભુલાવી દેવામાં આવે છે. આ દસ શીલ મૂળતઃ ભગવાન બુદ્ધના મૂળભૂત શિક્ષણો છે. રાવણ જેવા દસ માથાવાળા કાલ્પનિક પાત્રની ઉપાસના દ્વારા આ સિદ્ધાંતોને દબાવવામાં આવે છે અને વાસ્તવિક ઈતિહાસને છુપાવવામાં આવે છે. આ સંઘ જે પોતાના દેશ અને સમાજના ઈતિહાસને જ બદલવા માંગે છે, તે મુસ્લિમો અને ખ્રિસ્તીઓના અસ્તિત્વ અને ઈતિહાસને કેવી રીતે સ્વીકારી શકે? ભારત જેવા બહુવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ અને વિવિધતા ધરાવતા દેશમાં, જો આપણે આપણા વાસ્તવિક ઈતિહાસને નહીં સ્વીકારીએ તો કોઈ પણ પ્રકારની સામાજિક એકતા કેવી રીતે શક્ય બની શકે?

દેશની રાજધાની અને અન્ય ઘણા ભાગોમાં સ્થાપિત પોતાની રાજ્ય સરકારોના આધારે પોતાની શક્તિમાં વધારો કરવાના આધારે સંઘ હવે આ દાવો કરવા લાગ્યો છે કે હકીકતમાં દેશની શક્તિમાં વધારો સંઘની શક્તિ વધવાથી જ થશે. પરંતુ જૂઠાના પગ નથી હોતા અને મોડે મોડે પણ અફીણનો નશો ઊતરી જાય છે અને જ્યારે જમીની હકીકતનો સામનો થશે અને ભારતના લોકોની ધાર્મિક ઓળખ માનવીય સહાનુભૂતિ, ભાઈચારો, બાહુબળ અને નફરતથી મુક્ત સમાજના અસ્તિત્વ પર કેન્દ્રિત થશે ત્યારે સમજાશે. જરૂર એ વાતની છે કે આ નફરતના એજન્ડાના વિરોધમાં આનાથી વધુ જોરદાર રીતે વૈકલ્પિક વિચારધારાને રજૂ કરવી પડશે, સાથે સાથે આ ખોખલા અપપ્રચારની હવા કાઢીને જણાવવું પડશે કે ધડમાથા વગરની વાતો પર ક્યારેય કોઈ પરિપક્વ સમાજનું નિર્માણ થઈ શકતું નથી. જો જબરદસ્તી કંઈક બાંધીને પણ આપવામાં આવે તો થોડા સમયમાં જ ધડામથી તે નીચે આવીને પડી જશે.

દેશની વિવેકી જનતા આજે પણ આ ધર્મના નામે ફેલાવવામાં આવતી નફરત સામે અડગ ઊભી છે. આવા સમયે, આપણે એક નવા એકતાના સૂત્રમાં જોડાવા માટે કામ કરવું જોઈએ. ઈસ્લામિક ચળવળોની શક્તિ અને તેમના ક્રાંતિકારી સાહિત્યની તાકાતથી સત્તાવાર તંત્ર પણ વાકેફ છે, એટલા માટે તેઓ દેશ અને વિદેશમાં ઈસ્લામોફોબિયાને પ્રોત્સાહન આપે છે. આપણે આપણી નબળાઈઓનું વિશ્લેષણ કરીને આપણી શક્તિને પણ બતાવવી જોઈએ. પીડિત હોવાની ફરિયાદ કરવાને બદલે, આપણે અલ્લાહ પર વિશ્વાસ રાખીને આગળ વધવું જોઈએ. આપણા વિચારોને આટલા મોટા દેશમાં દરેક વર્ગ સુધી પહોંચાડવા એ હિમાલય જેવું કામ છે, પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આનાથી પણ વધુ મુશ્કેલ પરિસ્થિતિમાં કામ કરીને બતાવ્યું છે. તો પછી, એક અલ્લાહ, એક કુર્આન અને એક રસૂલ સ.અ.વ.ના મજબૂત પાયા પર સાચી એકતા માટે બધાને આમંત્રણ આપીને, શું આપણે નફરતનો સામનો કરવા માટે આગળ ન આવી શકીએ? ન્યાય, સમાનતા, વિકાસ અને મુક્તિનો રસ્તો આપણી પાસે છે, તો પછી આપણે અંધકારમાં કેમ રહીએ છીએ? આ અંધકાર પછી પ્રકાશ લાવવા માટે, દરેક વ્યક્તિએ અને દરેક સમાજે આજથી જ કમર કસવી જોઈએ. કારણ કે આ બ્રહ્માંડમાં ખુદાએ વાહિદ- એકમાત્ર ઈશ્વરથી વધારે શક્તિશાળી કોઈ નથી.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩


પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

ઝકાત સેન્ટર ઓફ ઈન્ડિયા અહમદાબાદ દ્વારા
રોજગાર અને શૈક્ષણિક શિષ્યવૃત્તિ યોજના
સ્વનિર્ભર સમૂદાય તરફ એક પહેલ
આજીવિકા લક્ષિત રોજગાર
- વેપાર/દુકાન/લારી
- ટુલ્સ કામના સાધનો
- મશીનો
- ધંધાકીય મૂડી
- લઘુ ઉદ્યોગ


શિક્ષણ યોજના
સ્નાતક કે અનુસ્નાતક સ્તરે
- Humanities (કાયદા, મીડિયા, અર્થશાસ્ત્ર, સોશ્યલ સાઈન્સ, ઈતિહાસ વિ.)
- Artificial Intelligence
- જાહેર સેવાઓ (Civil Services),
- કૌશલ્ય વિકાસ (Skill Development)
જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે
ZAKAT CENTER INDIA
અહમદાબાદ ચેપ્ટર
અરજીઓ મોકલવા માટે સંપર્ક કરો
ઝકાત સેન્ટર ઈન્ડિયા, અહમદાબાદ ચેપ્ટર
સરનામું : બી-4 કરિશ્મા કોમ્પ્લેક્ષ, શારણી સોસાયટી કોર્નર, જુહાપુરા, અહમદાબાદ - 55
Email : zciahmedabad@gmail.com
Whatsapp : 70166 51448
અહમદાબાદ સુધી મર્યાદિત




## રાજકારણ વિભાજિત કરે છે તો શું ધર્મ જોડે છે?

બહરાઈચમાં ૧૩મી ઓક્ટોબરે જે બન્યું તે માત્ર દુઃખદ જ નહીં, બલ્કે શરમજનક પણ હતું. આપણા રાજકીય પક્ષો અને સાંપ્રદાયિક જૂથો હજુ કેટલો સમય સામાન્ય નાગરિકોને એકબીજા સામે લડાવવા માટે શોષણ અને ઉશ્કેરણી કરશે? આ ભવ્ય અને મહાન દેશમાં ભાઈ-ભાઈની જેમ જીવતાં શીખવામાં આપણને હજુ કેટલો સમય લાગશે? આપણા રાજકીય પક્ષો લોકોની સમસ્યાઓ હલ કરવામાં ઓછો રસ ધરાવે છે અને પોતાની રાજકીય આકાંક્ષાઓ પૂરી કરવા માટે તેમનું શોષણ કરવામાં વધુ રસ છે. જાગૃત નાગરિકોએ જાગૃતિનો અવાજ ઉઠાવવો જોઈએ અને લોકોને એકીકૃત કરવા જોઈએ જેઓ રાજકીય શાહુકારો સામે લડે છે, જેમના માટે સત્તા કબજે કરવી સૌથી મહત્ત્વની પ્રાથમિકતા છે.

ધર્મનો દુરુપયોગ કરીને લોકોને વિભાજિત કરવા જોઈએ નહીં. ધર્મનો અર્થ લોકોને પોતાના સર્જનહાર સાથે જોડવાનો છે અને તે જ સમયે તમામ સમુદાયો વચ્ચે એકતા અને ભાઈચારાને પ્રોત્સાહન આપવાનો છે. ભારત જેવા દેશમાં આ વધુ મહત્ત્વનું છે, જેમાં લગભગ તમામ ધર્મોના અનુયાયીઓ સાથે અદ્‌ભુત વિવિધતા છે. શું હિંદુ ધર્મ વસુધૈવ કુટુંબકમ (સમગ્ર માનવતા એક પરિવાર છે) શીખવતો નથી? શું ઈસ્લામ સમગ્ર માનવતાની એકતા અને એકેશ્વરવાદ પર ભાર નથી મૂકતો? શું ખ્રિસ્તી ધર્મ દયા અને માફીનો ઉપદેશ નથી આપતો? શું બૌદ્ધ ધર્મ અહિંસાની પ્રશંસા નથી કરતો? તો પછી આપણે એકબીજા સાથે કેમ લડીએ છીએ?

દુનિયાના સૌથી મોટા રાજકીય પક્ષ હોવાનો દાવો કરતા પક્ષે, વિભાજન અને શાસનને પોતાનો શ્રેષ્ઠ હેતુ અને પોતાના દાવપેચના મૂળભૂત સિદ્ધાંત તરીકે અપનાવ્યો છે, તે ખૂબ ચિંતાજનક છે.

બીજી તરફ, આપણે દિવસે દિવસે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ' અને તાજેતરમાં ઉમેરાયેલ 'સબકા પ્રયાસ'નો નારો સાંભળીએ છીએ. આ વિભાજનવાદે અવિશ્વાસનું ઝેર વ્યાપક રીતે ફેલાવ્યું છે. જમણેરી વિચારધારા ધરાવતા હિંદુ બુદ્ધિજીવીઓ ચિંતિત છે કે ફાસીવાદી રાજકારણીઓએ નિર્દોષ હિંદુ બહુમતને હાઈજેક કરી લીધો છે અને તેનો ઉપયોગ મુસ્લિમ સમુદાયને ઉશ્કેરવા માટે કરી રહ્યા છે.

બહરાઈચમાં દુર્ગા વિસર્જન સરઘસ દરમિયાન જે બન્યું તે અત્યંત ઉશ્કેરનારૂં અને અપશબ્દોથી ભરેલું હતું. ડીજેમાંથી ઉશ્કેરણીજનક ગીતો વગાડવામાં આવ્યા. આવા ગંદા ગીતો જે ધર્મ અને મુસ્લિમ મહિલાઓનું અપમાન કરે છે, તે સાંભળીને દરેક સાલસ હિંદુ શરમ અનુભવશે. પ્રશ્ન એ છે કે પોલીસે આવા ઉશ્કેરનારા ગીતોને કેમ મંજૂરી આપી અને સહન કર્યા? આવા અપમાનોને કેવી રીતે મંજૂરી આપવામાં આવી? આનાથી કેટલાક લોકો ઉશ્કેરાયા. અમે ઉશ્કેરનારા ગીતો અને ધાર્મિક લીલા ધ્વજનું અપમાન સહન ન કરનારા યુવાનના કૃત્યને સમર્થન આપતા નથી. અમે માત્ર હત્યા કરનાર વ્યક્તિ સામે કાયદાની સંપૂર્ણ કાર્યવાહી કરવાનું સમર્થન કરીએ છીએ.

એક તરફ ધાર્મિક સરઘસમાં અશ્લીલ ગીતો વગાડીને સમુદાયની બદનામી કરવામાં આવી રહી છે, જે આપણા હિંદુ સમાજના મોટાભાગના લોકો માટે અસ્વીકાર્ય છે. પરંતુ બીજી તરફ, પોલીસે ૧૪મી ઓક્ટોબરે રાત્રે ગરીબ મુસ્લિમો પર હુમલો કરીને અગજનીની ઘટનાઓને અંજામ આપી છે. આ બંને ઘટનાઓમાં પોલીસનું વલણ સંદિગ્ધ લાગે છે. યોગી સરકાર આ બંને ઘટનાઓ માટે જવાબદાર છે. જો પશ્ચિમ બંગાળમાં બળાત્કાર અને હત્યાની ઘટનાઓ બદલ મમતા બેનર્જીને રાજીનામું આપવાનું કહેવામાં આવે છે, તો પછી યોગી આદિત્યનાથને પણ આવી જ ગંભીર ઘટનાઓ માટે જવાબદાર ઠેરવીને રાજીનામું આપવાનું કેમ ન કહેવામાં આવે?

લોકો એવું પૂછી રહ્યા છે કે ન્યાયતંત્ર ભગવા તત્ત્વો સામે સ્વયંભૂ કાર્યવાહી કેમ નથી કરતું? શું આ ન્યાયનું અપમાન નથી? શું આ ખુલ્લેઆમ સ્પષ્ટ ભેદભાવ અને ગરીબ મુસ્લિમોને નિશાન બનાવવાનું કામ નથી? વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જો તેઓ 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રમાં સાચા હોય તો, તેમણે આ મામલે કાર્યવાહી કરવી જોઈએ. પીડિતોને યોગ્ય વળતર મળવું જોઈએ અને વિશ્વાસ વધારવાના તમામ પગલાં લેવા જોઈએ. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે, તમામ ધાર્મિક સરઘસો પર પ્રતિબંધ મૂકવો જોઈએ અથવા તો તેનું સંપૂર્ણ વીડિયો રેકોર્ડિંગ કરવું જોઈએ. શાંતિ, સુલેહ-શાંતિ, ભાઈચારો અને ભારતની એકતા અને અખંડિતતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આને કોઈ પણ કિંમતે જોખમમાં મૂકી શકાય નહીં.

મહેમાન તંત્રી.. એ'જાઝ અહમદ અસ્લમ

## હિમાચલ પ્રદેશ...

(પાંચમા પાનાનું ચાલુ)

એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું કે સાંપ્રદાયિકતા એક મહત્ત્વપૂર્ણ સામાજિક બીમારીનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે નોંધ્યું હતું કે, "કોંગ્રેસ પાર્ટી પણ આ તકલીફથી મુક્ત નથી. કૉંગ્રેસના ઘણા સભ્યો ભલે સાંપ્રદાયિક વિચારધારા ધરાવતા ન હોય, તેઓ ઘણીવાર તકવાદના કારણે સાંપ્રદાયિક રીતે વર્તે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાહુલ ગાંધીના કદના નેતાએ આવી વ્યક્તિઓને પક્ષમાંથી દૂર કરવા માટે નિર્ણાયક પગલાં લેવા જોઈએ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોંગ્રેસ ભાજપ સામે સાંપ્રદાયિક ક્ષેત્રમાં અસરકારક રીતે સ્પર્ધા કરી શકતી નથી, અને આમ કરવાના કોઈ પણ પ્રયાસો આખરે ભાજપની સ્થિતિને મજબૂત કરવા માટે સેવારૂપ હશે.

સુપ્રિમ કોર્ટના વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ બંધારણની પ્રસ્તાવના પર ભાર મૂકતાં, સૌને ભ્રાતૃત્વ માટે કામ કરવા અનુરોધ કર્યો.

સૈયદ હામિદે પહેલેથી જ માન્યતા પ્રાપ્ત સત્ય પર પ્રકાશ પાડ્યો હતો કે "મુસ્લિમોને આ દેશમાં હાંસિયામાં મૂકવામાં આવી રહ્યા છે... મુસ્લિમ તરીકે અસ્તિત્વ ધરાવવું પ્રગતિશીલ રીતે મુશ્કેલ બની રહ્યું છે." વધતી જતી સાંપ્રદાયિક હિંસાને સંબોધવા માટે નાગરિક સમાજની સામેલગીરી અંગેના પ્રશ્નોના જવાબમાં, તેમણે ટિપ્પણી કરી, "આપણે આપણી જાગૃતિ પુનઃ પ્રાપ્ત કરવી જોઈએ, અન્યથા આપણે આપણા રાષ્ટ્રને વિનાશ તરફ જવા દેવાનું જોખમ લઈશું."

રિપોર્ટે હિમાચલ પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવો સંબોધવા માટે કેટલીક ભલામણો પણ કરી છે: ભલામણો આ મુજબ છે:

૧. અસરકારક શાસનઃ સંજૌલી મસ્જિદના મુદ્દામાં જોવા મળ્યા મુજબ, તણાવમાં વધારો અટકાવવા માટે સાંપ્રદાયિક તત્ત્વો સામે ઝડપી કાર્યવાહીની ખાતરી કરો.

૨. સમાવિષ્ટ સંવાદઃ સમજણ અને શાંતિપૂર્ણ નિરાકરણને પ્રોત્સાહન આપવા હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે ખુલ્લા સંવાદને પ્રોત્સાહન આપો.

૩. કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવીઃ કાયદો અને વ્યવસ્થા જાળવવા, અથડામણો અને તોડફોડ અટકાવવા માટે પર્યાપ્ત સુરક્ષા દળો તૈનાત કરો.

૪. નેતૃત્વની જવાબદારીઃ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ઉશ્કેરણીજનક નિવેદનો માટે જવાબદાર બનાવો, જવાબદાર નેતૃત્વને પ્રોત્સાહન આપો.

૫. સામુદાયિક જોડાણઃ આંતરધર્મ સંવાદિતા અને સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન આપતી સમુદાયની આગેવાની હેઠળની પહેલોને પ્રોત્સાહિત કરો.

૬. નીતિ સુધારણાઃ તમામ નાગરિકો માટે સમાન સુરક્ષા અને તકો સુનિશ્ચિત કરવા, સાંપ્રદાયિક તણાવને સંબોધવા માટે નીતિઓની સમીક્ષા અને સુધારણા.

૭. ઉશ્કેરણીજનક રેલીઓ માટે કોઈ પરવાનગી નહીંઃ ગુપ્તચર એજન્સીઓ અથવા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા ઓળખવામાં આવેલ, સાંપ્રદાયિક તકરારને ઉત્તેજિત કરી શકે તેવી રેલીઓની પરવાનગી નકારવી.

૮. મુસ્લિમો માટે સરકારી સમર્થનઃ મુસ્લિમો પોતાને સુરક્ષિત અનુભવે તે સુનિશ્ચિત કરવા માટે સરકારે સક્રિય પગલાં લેવા જોઈએ, જેમ કે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસની હાજરી વધારવી અને સમુદાયના નેતાઓ સાથે સંવાદમાં સામેલ થવું.

૯. સોશિયલ મીડિયા મોનિટરિંગઃ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાંધાજનક સામગ્રીને ટ્રૅક કરો અને તેનો પ્રતિકાર કરો.

૧૦. ઝડપી કાનૂની કાર્યવાહીઃ સાંપ્રદાયિક હિંસાના ગુનેગારોની તાત્કાલિક ધરપકડ અને કાર્યવાહીની ખાતરી કરો.

## રશાની વસિયત

(છઠ્ઠા પાનાનું ચાલુ)

રશાની આ વસિયત, તેના સ્વપ્ન અને તેની નિર્દોષતા દુનિયાને એક સબક શિખવાડી ગયા..આ માસુમ બાળકીએ આપણને શિખવાડ્યુ કે જીવનનો અસલ મકસદ શું છે? બીજાઓની મદદ કરવી..પોતાની નાની નાની ખુશીઓ બીજાઓને વહેંચવી અને ત્યાં સુધી કે મોતની ક્ષણોમાં પણ માનવતાની ભાવના મનમાં જીવતી રાખવી..

આ કહાની આપણને બતાવે છે કે જંગ અને જુલ્મ હોવા છતાં અમુક દીલ એવા હોય છે જે હંમેશાં રોશની ફેલાવતા રહે છે..રશાનું દીલ પણ આવું જ હતું.. જે પોતાની અંતિમ ક્ષણોમાં પણ ઈન્સાનીયત અને મુહબ્બતનું દૃષ્ટાંત બની ગયું..

તેની નિર્દોષતા અને કુર્બાની હંમેશા યાદ રાખવામાં આવશે...

આ છે ગાઝાની એ અનહદ અદ્‌ભૂત કુર્બાનીઓ પૈકી એક કુર્બાની.. નાની દીકરીની..જો એ પણ આપણા દીલને હચમચાવી ન દે..વ્યથિત ન કરી દે તો માનવું કે આપણા શરીરમાં દીલ જેવી કોઈ વસ્તુ જ નથી...

(દા'વત સાપ્તાહિક ઉર્દુ ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ના સૌજન્યથી)





મકાન વેચવાનું છે.

શાહીવાળાની પોળ
પાંચપટ્ટી, કાલુપુર,
અહમદાબાદ - ૩૮૦૦૦૧

સંપર્કઃ મોહંમદભાઈ મનીઆર
મોઃ 96011 41624









અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## વ્યાજ મટી જાય છે અને સદ્કા વધી જાય છે

**"અલ્લાહ વ્યાજને તમામ બરકતો (વૃદ્ધિ, ઉન્નતિ અને સમૃદ્ધિ)થી વંચિત કરે છે, અને સદ્કા (દાન)ને વૃદ્ધિ આપે છે, અને અલ્લાહ કોઈ અપકારી અને દુરાચારી વ્યક્તિને પસંદ કરતો નથી." (સૂરઃ બકરહ, આયત-૨૭૬)**

વ્યાજ માટે અરબી ભાષાનો શબ્દ 'રિબા' છે જેનો અર્થ વૃદ્ધિ કે વધવું છે, અર્થાત્ એ વસ્તુ કે જે ફૂલે-ફાલે છે. વ્યાજ ખાનાર પોતાની દૌલતને આ માધ્યમથી વધારે છે. બાહ્ય રીતે આ જણાય છે કે આ રીતે કરજ આપનારનો માલ વૃદ્ધિ પામે છે. બીજી બાજુ સદ્કા (દાન) પોતાના કોઈ દુન્યવી લાભ વિના ફક્ત ખૈરાત (દાન) રૂપે ખર્ચ કરવાનું કહે છે. બાહ્ય રીતે આ લાગે છે કે આ રીતે એક માણસનો માલ ઓછો થઈ જાય છે. આનાથી વિપરીત કુર્આને કરીમની આ આયત જણાવે છે કે અલ્લાહતઆલા વ્યાજને મટાડી દે છે અને સદ્કાને વૃદ્ધિ આપે છે. કુર્આને કરીમની આ ફિલ્સૂફીનું કે જે આમ-માનવીય અનુભવની ઠીક વિપરીત છે, એક ઔચિત્ય આ રજૂ કરી શકાય છે કે કુર્આનની વાતનો સંબંધ આખિરત સાથે છે કે જ્યાં વ્યાજ ખાવા પર ગુનાહ અને સદ્કા કરવા પર સવાબ આપવામાં આવશે. મૂળભૂત રીતે આ વાત ખરી છે પરંતુ વિચાર કરવામાં આવે તો જણાશે કે કુર્આને જે ખબર આપી છે તે આ દુનિયાના જીવનથી પણ ખરી છે.

'રિબા' અર્થાત્ વ્યાજ-કરજ પર શરતની સાથે વૃદ્ધિને કહેવામાં આવે છે. કરજ લેનાર આ વૃદ્ધિને આપવા માટે પોતાની મજબૂરીના લીધે તૈયાર થઈ જાય છે. મજબૂરી ઉપરાંત સહેલાઈથી મળનાર માલથી પોતાના કોઈ નિરર્થક શોખને પૂરો કરવા અથવા કારોબારમાં નફાની આશા સાથે માલ લગાવવો વિ. પણ કારણ હોઈ શકે છે, જ્યાં સુધી મજબૂરીનો સંબંધ છે તો તેનાથી ફાયદો ઉઠાવવો નૈતિક રીતે ખૂબ જ બૂરો છે. નિરર્થક શોખને પૂરો કરવામાં મદદગાર બનવું પણ માનવ સમાજ માટે હાનિકારક છે. અલબત્ત જે લોકો કારોબારમાં મૂડી લગાવવા માટે વ્યાજુ કરજ આપે છે તે પોતાની રીતે આ વિચાર ઉપજાવી કાઢે છે કે કરજદાર તેમના માટે માલથી નફો કમાવીને તેનો એક ભાગ આપે છે. આથી આમાં કંઈ વાંધો નથી. દેખીતી વાત છે કે આ વિચાર ખોટો છે. ન તો દરેક કારોબારમાં હંમેશાં નફો થાય છે અને ન તો હંમેશાં નફો એક જેવો-સરખો થાય છે. નુકસાનની પણ શક્યતા છે અને વ્યાજના દર કરતાં ઓછા નફાનો પણ ખતરો છે. મૂડી રોકાણની આ રીતમાં કરજ આપનાર કોઈ પણ પ્રકારના ખતરા વિના નક્કી થયેલ આવકનો હક્કદાર રહે છે. જ્યારે કે તમામ ખતરા કરજદાર (કરજ લેનાર)ની જવાબદારીમાં આવી જાય છે. આનાથી કરજદાર અને સમગ્ર અર્થ-વ્યવસ્થા નષ્ટ થઈ જાય છે. વ્યાજ ખાનાર (વ્યાજખોર)ની પાષાણ-હૃદયતા, કંજૂસી અને સ્વાર્થીપણું જ તેના આ ઘૃણાસ્પદ કાર્યનું કારણ છે.

કુર્આને કરીમે આ આયત અને બીજી આયતોમાં વ્યાજની વખોડણીની સાથે તેની સરખામણીમાં સદ્કા (દાન)નું શિક્ષણ આપ્યું છે. સદ્કા માણસની વિશાળ હૃદયતા, સખાવત-દાનશીલતા અને હમદર્દીનું પ્રદર્શન છે. આ ગુણ વ્યાજ ખાનારની બૂરાઈઓની વિપરીત છે. સદ્કાનો અર્થ સત્યતા છે અને કુર્આન તથા સુન્નતમાં આ શબ્દ અલ્લાહની પ્રસન્નતા માટે કોઈ દુન્યવી લાભ વિના પોતાનો માલ અન્યોને આપવો અથવા અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા માટે વપરાય છે. આ ઉપરાંત નેકી તથા સવાબના તમામ કાર્યોને જેમનામાં માનવીનો સમય અને પોતાનો માલ વાપરે છે. આ રીતે પરસ્પર હમદર્દી તેની કાબેલિયતનો ઉપયોગ થાય છે સદ્કા કહેવામાં આવ્યા છે. ઉપર ઉલ્લેખિત આયતમાં આ શબ્દ માલના ખર્ચ અંગે વપરાયો છે. જે સમાજમાં સદ્કાનો રિવાય-પ્રચલન હોય છે ત્યાં લોકો એક-બીજાની જરૂરિયાતોની ચિંતા કરે છે અને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં અને સહાનુભૂતિનું વાતાવરણ સર્જાય છે, અને દુન્યવી જીવન પણ જન્નત બની જાય છે.

અલ્લાહતઆલાએ આ આયતમાં વ્યાજખોરને અત્યંત નિમ્ન કક્ષાનો અપકારી અને ગુનેગાર ઠેરવ્યો છે અને આ એલાન કરી દીધું છે કે તે આવા લોકોને પસંદ નથી કરતો. અલ્લાહતઆલાના પસંદ નહીં કરવાનો મતલબ તેની તરફથી નાપસંદની અભિવ્યક્તિ છે.

## તૌબા તથા ઇસ્તિગ્ફાર

(૧) અનુવાદ :

**હઝરત અગર્રિલ મુઝની રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : "હે લોકો ! અલ્લાહથી તોબા કરો. હું દિવસમાં ૧૦૦ (સો) વખત તેનાથી તોબા કરૂં છું." (મુસ્લિમ)**

**સમજૂતી :**

અર્થાત્ હું પોતે મોટા પ્રમાણમાં અલ્લાહ સમક્ષ તોબા કરૂં છું અને તેની તરફ પાછો પલ્ટું છું. આથી તમારે પણ નિયમિત રીતે તોબા કરવી જોઈએ.

"હું સો વખત તેનાથી તોબા કરૂં છું"નો અર્થ આ છે કે હું પોતાને આનો જરૂરતમંદ અનુભવું છું કે વારંવાર અલ્લાહની તરફ ધ્યાન કેન્દ્રિત કરૂં, કે જેથી એ મારી ભૂલચૂકને માફ ફરમાવે અને અલ્લાહની હજૂર સિવાય મારૂં હૃદય બીજે ક્યાંય પણ સુકૂન ન પામે અને એટલા માટે પણ કે અલ્લાહ સિવાય મને બીજે ક્યાંય સુકૂન નથી મળતું. આ રીતે મને અલ્લાહના ખાસ ધ્યાન અને તેની કૃપાઓની પણ વધુમાં વધુ આશા અને અપેક્ષા હોય છે જેનો એક બંદો સૌથી વધુ જરૂરતમંદ અને મોહતાજ હોય છે.

તોબા કરવાનો અર્થ છે 'રુજૂઅ' કરવું (પાછા પલટવું), પરત આવવું અને ઝૂકી જવું. આવી જ રીતે એક સ્થિતિમાંથી બીજી સ્થિતિની તરફ 'રુજૂઅ' કરવું (પાછા પલટવું) પણ તોબા છે. આના માટે જરૂરી નથી કે પ્રથમ સ્થિતિ બૂરી જ હોય, બલ્કે સારી સ્થિતિમાંથી તેના કરતાં વધુ સારી સ્થિતિની તરફ 'રુજૂઅ' કરવું પણ તોબા છે. આ શબ્દ અલ્લાહ માટે પણ આવે છે, એ સમયે તેનો અર્થ આ હોય છે કે અલ્લાહ બંદા પર મહેરબાન અને તેનાથી રાજી થઈ ગયો. તેણે બંદાની તોબા કબૂલ ફરમાવી લીધી. તેની ભૂલોને માફ કરી દીધી અને તેની તરફ ધ્યાન આપ્યું.

તોબા એક શ્રેષ્ઠ તથા સૌથી પવિત્ર પરિભાષા છે. આમાં સૌથી ઉચ્ચ દરજ્જાની પર્દાપોશી પણ જોવા મળે છે. બંદો જ્યારે અત્યંત ઘૃણાસ્પદ કૃત્યને અલ્લાહથી ડરીને ત્યજી દે છે અને સંકલ્પ કરે છે કે એ કૃત્યનું હવે ક્યારેય આચરણ નહીં કરે તો તેના આ વલણને ગુનાનો એકરાર (Confession)થી નહીં બલ્કે તોબા સાથે સરખાવીએ છીએ. એટલે કે બંદો પોતાના અલ્લાહ તરફ પાછો ફર્યો અને તેની તરફ 'રુજૂઅ' થયો છે જે એક શ્રેષ્ઠ જીવન-મંત્ર છે. આ રીતે બંદાની એબપોશી કરવામાં આવે છે, અલ્લાહના દરબારમાં તેની સ્વીકાર્ય થવાની ખબર આપવામાં આવે છે અને તેને અપમાનિત થવાથી બચાવી લેવામાં આવે છે.

(૨) અનુવાદ :

**હઝરત અગર્રિલ મુઝની રદિ.થી રિવાયત છે. તેઓ વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : મારા હૃદય પર પર્દો પડી જતો હોય છે. પછી હું દિવસમાં ૧૦૦ (સો) વખત ઇસ્તિગ્ફાર કરૂં છું." (મુસ્લિમ)**

**સમજૂતી :**

હઝરત મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના હૃદયની સ્થિતિ અને કૈફિયતને કોઈ કેવી રીતે વર્ણવી શકે છે. તેમ છતાં હદીસના સમજૂતીકારોએ આ હદીસની સમજૂતીમાં પોતાના કેટલાક અહેસાસોને વ્યક્ત કર્યા છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની હૃદયની સ્થિતિ આ હતી કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દરેક ક્ષણે અને દરેક પળે અલ્લાહને યાદ કરતા હતા, જેમકે હદીસમાં છે : "નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દરેક પળે અલ્લાહને યાદ કરતા હતા." (મુસ્લિમ). આપ અલ્લાહની હજૂરમાં હાજર રહે અને હાજરીમાં કોઈ પણ પ્રકારનો ફરક ન પડે. પરંતુ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની જવાબદારીઓ ખૂબ જ વ્યાપ્ત હતી. પત્ની તથા બાળકોના હક્કોની અદાયગી ઉપરાંત હક્ક (સત્ય)નું નિમંત્રણ, જિહાદ અને લોકોની તાલીમ તથા તર્બિયત વિ. જેવી કેટલીય બાબતો હતી જેમની તરફ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ધ્યાન આપવું પડતું હતું. સંવેદનશીલ હૃદય આને પણ એક પ્રકારની ગફલત સમાન ગણતું હતું અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ આના માટે ઇસ્તિગ્ફાર ફરમાવતા હતા. કેટલાક સમજૂતીકારોએ 'પર્દા' (ગીન)નો અર્થ સકીના લીધો છે જે પવિત્ર હૃદય પર ઊતરતો હતો અને હૃદય પર છવાઈ જતો હતો. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇસ્તિગ્ફાર વાસ્તવમાં શુક્ર-આભારની અભિવ્યક્તિ અને વધુની માગણી માટે હતું, જેમકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇર્શાદ છે : શું હું શુક્ર-ગુઝાર (આભારી) બંદો ન બનું ?"

❑❑❑❑❑❑

"જ્ઞાન સભા"

## પિતાથી પુત્રીની નફરત કેવી રીતે દૂર કરવામાં આવે ?

"જ્ઞાન સભા"

ડૉ.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : પિતાનો ઈન્તેકાલ થઈ ગયો છે. તેમની પેન્શન વચલી પુત્રીને મળનાર છે, કેમકે એ અવિવાહિત છે. બાકી ત્રણ દીકરીઓ છે જે વિવાહિત છે અને બે પુત્રો છે, જે પોતે વકીલ છે.**

**શું પેન્શન મૃતકના 'તર્કા' (મૃત્યુ પછી છોડેલ માલ)માં સામેલ થશે અને તમામ સંતાનોમાં વ્હેચાશે, અથવા આના પર ફક્ત અવિવાહિત પુત્રીનો હક્ક હશે ?**

ઉત્તર : કોઈ માણસનો જ્યારે ઈન્તેકાલ થાય ત્યારે તેની માલિકીની તમામ વસ્તુઓ (રોકડ, ઘર, દુકાન, ખેત, વાડી, પ્લોટ વિ.)માં વારસાના આદેશો લાગુ થશે, અને જીવિત વારસદારો વચ્ચે શરઈ નિયમો અનુસાર વિરાસતના માલની વ્હેંચણી થશે.

પેન્શનની રકમ કર્મચારી માટે સરકાર કે સંસ્થા તરફથી ભેટ હોય છે જે તેના કોઈ નજીકના પ્રિયજનના નામથી લાગુ થાય છે. ક્યારેક કર્મચારીને અખત્યાર-સત્તા હોય છે કે તે પોતાના જીવનમાં, મૃત્યુ પછી પોતાની પેન્શન માટે કોઈનું નામ સૂચવી દે, નામાંકિત કરી દે અને ક્યારેક સરકાર કે સંસ્થા પોતાના નિયમ મુજબ કોઈને નામાંકિત કરે છે. જે પણ સ્થિતિ હોય, પેન્શનની રકમ જેના નામથી ચાલુ થશે તે તેનો માલિક હશે, તમામ વારસદારો વચ્ચે તેની વહેંચણી નહીં થાય.

•••

# ઉસ્વએ સહાબા

رَضِيَ ٱللَّٰهُ عَنْهُ

## ઇસ્લામી મુઆશરા

● હાફિઝ મુ. ઈબ્રાહીમ ઉમ્રી

મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે, અને જે લોકો તેમની સાથે છે તેઓ ઈન્કાર કરનારાઓ (કાફિરો) પર કઠોર અને પરસ્પર દયાળુ છે. તમે જ્યારે જોશો તેમને રુકૂઅ અને સિજદા અને અલ્લાહની કૃપા અનો તોની પ્રસન્નતાની અભિલાષામાં મગ્ન જોશો. સિજદાનો પ્રભાવ (અસરા) તેમના ચહેરા પર મોજૂદ છે જેનાથી તેઓ અલગ ઓળખી શકાય છે. આ છે તેમની વિશિષ્ટતા તૌરાતમાં, અને ઈન્જીલમાં તેમનું દૃષ્ટાંત આ રીતે આપવામાં આવ્યું છે કે જાણે એક ખેતી છે જેણે પહેલાં કૂંપળ કાઢી, પછી તેને પરિપુષ્ટ કરી, પછી તે ફાલી અને પાંગરી, પછી પોતાના થડ ઉપર ઊભી થઈ ગઈ. ખેતી કરનારાઓને તે ખુશ કરે છે જેથી કાફિરો (ઈન્કાર કરનારાઓ) તેમના ફૂલવા-ફાલવા પર બળે. આ સમૂહના લોકો જેઓ ઈમાન લાવ્યા છે અને જેમણે સત્કર્મો કર્યા છે, અલ્લાહે તેમનાથી ક્ષમા અને મોટા બદલાનો વાયદો કર્યો છે.'' (સૂરઃ ફત્હ, આયત-૨૯)

અલ્લાહ તબારક-વ-તઆલાએ હઝરત મુહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની રિસાલતનું સમર્થન તથા પુષ્ટિ કરવાની સાથે તેમના સહાબા રદિ.ના વખાણ, પ્રશંસા તથા ગુણગાન પણ ફરમાવ્યા છે, અને વિશેષરૂપે તેમની બે ખૂબીઓનું વર્ણન ફરમાવ્યું છે. એક તો તેમની ઈમાનવાળાની અને બંધુત્વની શાન કે તેઓ ઈસ્લામના દુશ્મનો પર સખ્ત અને ઈસ્લામ-પ્રેમીઓ પર નરમ/વિનમ્ર છે. કાફરોના મામલામાં શક્તિશાળી અને ઈમાનવાળાઓના મામલામાં રહીમ-દયાળુ છે. અર્થાત્

**હો હલ્કએ યારાં તો**
**બ-રેશમકી તરહ નર્મ**
**રઝ્મ હક્ક-વ-બાતિલ**
**હો તો ફૌલાદ હૈ મો'મિન**

અને બીજી ખૂબી આ છે કે એ રુકૂઅ અને સિજ્દાની હાલતમાં એટલે કે નમાઝોનું નિયમિત પાલન કરતા જોવા મળે છે અને તેમની ઈબાદતની અસરો તેમના ચહેરાથી જાહેર થાય છે. તેમના દિલનો નૂર તેમની પેશાની-કપાળથી દેખાઈ આવે છે. મનુષ્યનો ચહેરો એક ખુલ્લા પુસ્તકની જેમ છે. તેના દિલની હાલત તેના ચહેરાથી વ્યક્ત થાય છે. માણસના દિલમાં જો ઘમંડ અને અહંકાર છે તો એ ચહેરાથી જાહેર છે, અને જો માણસના દિલમાં આજીજી અને વિનમ્રતા છે તો એ પણ ચહેરાથી સ્પષ્ટ છે, સહાબા રદિ.ની સ્થિતિ આ છે કે તે પોતાના રબની કૃપા તથા પ્રસન્નતા શોધે છે. આ ભાવના તેમને એખલાસની દૌલતથી માલામાલ કે સંપન્ન/સમૃદ્ધ કરે છે, અને ઈમાનની આ દૌલત તોમના નૂરવાળા ચહેરાઓથી સ્પષ્ટ થઈ જાય છે, દેખાઈ આવે છે.

હઝરત ઈમામ માલિક રહ.એ ફરમાવ્યું છે કે શામ (સીરિયા)ના ખ્રિસ્તીઓ જ્યારે એ સહાબાઓ રદિ.ને જોતા કે જેમણે 'શામ' (સીરિયા) દેશને જીત્યો હતો તો કહેતા કે ખુદાના સોગંદ ! આ લોકો હઝરત ઈસા અ.સ.ના હવ્વારીઓ કરતાં સારા છે. એક યુદ્ધ પ્રસંગે રોમના બાદશાહના દરબારમાં તેમના એક વઝીરે સહાબા રદિ.ની પ્રશંસા આ શબ્દોમાં કરી હતી : એ લોકો રાતના રાહિબ તહજ્જુદ ગુઝાર છે અને દિવસના મુજાહિદ છે.

અલ્લાહતઆલાએ રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સહાબા રદિ.નું ઉદાહરણ કૃષિ અને ખેતીથી આપ્યું છે જેમકે એક જમીનમાં બીમાંથી છોડ બને છે, છોડમાં શાખાઓ આવે છે, શાખાઓમાં ડૂંડા આવે છે અને સમગ્ર ખેત હરિયાળું થઈને પોતાના કૃષિકારની ખુશીનું સાધન કે માધ્યમ બની જાય છે. આવી જ રીતે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના એક વ્યક્તિત્વથી ઈમાનનો જે છોડ ઊગ્યો એ સહાબાએ કિરામ રદિ.ના રૂપમાં મજબૂત તાકતવર છોડો અને હરિયાળી ખેતીની જેમ લહેરાવવા લાગ્યા, ખીલી ઊઠ્યા. અલ્લાહતઆલાને ઈમાનની આ ખેતી બહુ પસંદ પડી.

અલ્લાહે સહાબા હઝરાત રદિ.થી પોતાની પસંદગીની અભિવ્યક્તિ જે ઉદાહરણ દ્વારા કરી તેનું વર્ણન હઝરત ઈસા અ.સ.ના ઉપદેશોમાં પણ છે જે મસારકસાની ઈન્જીલના નવા કરારનામામાં મોજૂદ છે. સહાબાએ કિરામ રદિ.થી પ્રસન્ન હોવાનું સ્પષ્ટ વર્ણન સૂરઃ ફત્હમાં આ રીતે કરવામાં આવ્યું છે : 'અલ્લાહ ઈમાનવાળાઓથી પ્રસન્ન થઈ ગયો, જ્યારે તેઓ વૃક્ષની નીચે તમારાથી બૈઅત (પ્રતિજ્ઞા) લઈ રહ્યા હતા. તેમના હૃદયોની સ્થિતિની તેને ખબર હતી, તેથી તેણે તેમના પર શાંતિ ઉતારી, તેમને ઈનામમાં નજીકમાં પ્રાપ્ત થનાર વિજય પ્રદાન કર્યો.'' (સૂરઃ ફત્હ, આયત-૧૮)

(અનુસંધાન 5મા પાને)

**સોનેરી વાક્યો** **સોનેરી વાક્યો**

## સોનેરી કથન

### હઝરત હાતિમ અસમ રહ.

- જ્યારે કોઈ કાર્ય કરો તો યાદ રાખો કે અલ્લાહ જોઈ રહ્યો છે, જ્યારે વાત કરો તો યાદ રાખો કે અલ્લાહ સાંભળી રહ્યો છે, જ્યારે ખામોશ રહો તો યાદ રાખો કે અલ્લાહ જાણે છે કે તમે કેમ ખામોશ છો.
- ઉતાવળ બહુ ખરાબ વસ્તુ છે, પરંતુ પાંચ વસ્તુઓમાં સારી છે.

(૧) મહેમાન સામે ભોજન મૂકવામાં.
(૨) મૈયત (મૃતક)ની દફનવિધિમાં.
(૩) પુખ્તવયની છોકરીના નિકાહ કરાવવામાં.
(૪) કરજ અદા કરવામાં અને
(૫) ગુનાહથી તોબા કરવામાં.

- ચાર અવસરોએ 'નફ્સ' (મનેચ્છા)ની વિશેષરૂપે સુરક્ષા કરો :

(૧) સદ્કાર્યો કરો તો 'રિયા' (દેખાડા)ને પ્રવેશવા ન દો.
(૨) વાતચીત કરો તો લાલચને નજીક આવવા ન દો.
(૩) કોઈની મદદ કરો તો અહેસાન જતાવવાનો ઈરાદો ન કરો.
(૪) રૂપિયા ખર્ચ કરો તો કંજૂસીથી બચો અને સારા હેતુ માટે ખર્ચ કરો.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

SHOEZONE
શુ ઝોન
ALL TYPE OF GENTS AND LADIES FOOTWEAR
EXCLUSIVE RANG OF FOOTWEAR
HUNER NAGORI : 9624982155
6739, Agarwal House, Opp, Z.K. Hotel, Relief Road, Ahmedabad-01.



'ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)



M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210


શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

# હિમાચલ પ્રદેશ : કૉંગ્રેસ શાસનમાં પણ સંઘનો ઓછાયો મુસ્લિમો સતત ભયના વાતાવરણમાં : APCR ફેક્ટ-ફાઇન્ડિંગ રિપોર્ટ

નવી દિલ્હી: પ્રેસ ક્લબ ઓફ ઇન્ડિયામાં ગત મંગળવારે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એસોસિએશન ફોર પ્રોટેક્શન ઑફ સિવિલ રાઇટ્સ (APCR) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા, ચોંકાવનારા તથ્યોના અહેવાલમાં, હિમાચલ પ્રદેશમાં કાયદાનું શાસન પૂર્ણપણે નિષ્ફળ થયું હોવાની અને વહીવટી તંત્રની મિલીભગતથી સ્થળાંતરિત લોકોની સંવેદનશીલતા અને સાંપ્રદાયિક તણાવોને પ્રોત્સાહન મળી રહ્યું હોવાનું બહાર આવ્યું છે.

"હિમાચલ પ્રદેશમાં મુસ્લિમોને 'બહારના' બનાવવાના પ્રયાસો: હેટ સ્પીચ, પ્રવાસીઓની સંવેદનશીલતા અને કાયદો અને વ્યવસ્થાની નબળાઈ" શીર્ષક ધરાવતો દસ્તાવેજ, શિમલા, સંજૌલી, મંડી, સોલાન, કુલ્લુ અને પાલમપુર જેવા હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં બનતી ચિંતાજનક ઘટનાઓની શ્રેણી વિશે વિગતવાર જણાવે છે. આ ઘટનાઓએ ગંભીર ચિંતા અને ચર્ચા જગાવી છે.




આ મુદ્દાઓ માટે સંવાદ, સમજણ અને શાંતિપૂર્ણ ઉકેલની તાતી જરૂરિયાત છે.

વિવિધ ક્ષેત્રોના લોકોએ પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો, જેમાં પ્રતિષ્ઠિત માનવ અધિકાર હિમાયતીઓ, ભૂતપૂર્વ અધિકારીઓ, કાનૂની વ્યવસાયિકો, પત્રકારો અને ચિંતિત નાગરિકોનો સમાવેશ થાય છે. પેનલમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણ અને સંજય હેગડે, એક્ટિવિસ્ટ અને શિક્ષણવિદ સૈયદ હામિદ, શિમલાના ભૂતપૂર્વ ઉપમેયર ટિકેન્ડર પાવર, હરિયાણાના પત્રકાર રમણદીપ કિરતન, સ્વતંત્ર પત્રકાર શ્રુષ્ટિ જયસ્વાલ, ફ્રિલાન્સ પત્રકાર કૌશિક રાજ અને APCRના રાષ્ટ્રીય સચિવ નદીમ ખાન જેવી નોંધપાત્ર વ્યક્તિઓ હતી.

વરિષ્ઠ પત્રકાર પામેલા ફિલિપોઝે પ્રેસ કોન્ફરન્સનું સંચાલન કર્યું હતું. પ્રેસ કોન્ફરન્સનો હેતુ જણાવતાં, તેમણે ભારતમાં વધતી જતી સાંપ્રદાયિક હિંસા વિશે કહ્યું, "આજકાલ, સાંપ્રદાયિક એજન્ડા શાળાના એજન્ડા પર ભારે પડી રહ્યા છે."

કૉન્ફરન્સની શરૂઆત ફેક્ટ-ફાઇન્ડિંગ ટીમ સત્ય શોધક સમિતિ દ્વારા તેમના અનુભવોના પ્રથમ હાથના ખાતરીપૂર્વકના વર્ણન સાથે થઈ. નાદિમ ખાનનું કહેવું હતું કે ભાજપ અને આરએસએસ દ્વારા સંચાલિત સમાંતર સરકાર કાર્યરત્ છે. હિમાચલ સરકારની સૌથી મોટી નિષ્ફળતા કાયદાનું સંપૂર્ણ પતન છે.

શ્રુષ્ટિ જયસવાલે તેમના અવલોકનોનો વિગતવાર અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે, લોકો એટલા ડરતા હોય છે કે તેમના ૨૦ દિવસના પ્રવાસમાં એક પણ સ્ત્રી તેમના વિચારો શેર કરવા તૈયાર નથી. પુરુષો પણ બોલવામાં અચકાતા હતા અને કેટલાક અનામીક રીતે બોલતા હતા. તેમણે ઉમેર્યું કે મસ્જિદ કમિટીએ સંજૌલીમાં મસ્જિદ તોડી પાડવાની પ્રક્રિયા શરૂ કરી છે. "ગઈ કાલે તેઓએ મસ્જિદ તોડી પાડવાની પ્રક્રિયા શરૂ કરી હતી. તેઓ રાહ જોઈ શક્યા હોત, ઓછામાં ઓછું પ્રયાસ તો કરી શક્યા હોત. કોંગ્રેસ સરકાર સત્તામાં હોવા છતાં પણ આ ત્યાંનું વાતાવરણ છે." તેમણે એ પણ પ્રકાશ પાડ્યો કે હિમાચલ પ્રદેશના તમામ જિલ્લાઓમાં પોલીસ મુસ્લિમો પાસેથી તેમના વતનથી જારી કરાયેલા પ્રમાણપત્રો માંગી રહી છે.

કૌશિકે કહ્યું કે હિંદુત્વ વોચ, ભારતમાં ધાર્મિક લઘુમતિઓ સામે થતા હેટ ક્રાઇમ અને હેટ સ્પીચનું દસ્તાવેજીકરણ કરનાર એક સ્વતંત્ર સંશોધન પહેલના એક સાથીદાર, રાકિબ હમીદ નાઇકે તેમનો સંપર્ક કર્યો હતો. નાઇકે કૌશિકને જણાવ્યું કે તેમના અને નદીમના ફોટોગ્રાફ્સ જમણેરી વર્તુળોમાં ફરતા થયા છે, જેમાં તેમને આતંકવાદીઓ તરીકે ચિહ્નિત કરી તેમને પકડવા જોઈએ એવો સંદેશો પણ સાથે હતો. આ બાબતે હિમાચલ પ્રદેશ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

(અનુસંધાન બીજા પાને)

## ઉસ્વએ સહાબા

(ચોથા પાનાનું ચાલુ)

હુદૈબિયહની સંધિના પ્રસંગે જ્યારે મક્કાની નજીક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ રોકાયેલા હતા, અને હઝરત ઉસ્માન ગની રદિ.ને પોતાના એલચી બનાવીને મક્કાના સરદારો પાસે મોકલ્યા હતા, આ કહેવા માટે કે અમે લડવા નહીં બલ્કે ઉમરહ કરવા માટે આવ્યા છીએ, ઉમરહ કરીને પાછા ફરી જઈશું, આથી અમને ઉમરાહ કરવાથી રોકવામાં ન આવે. આ પ્રસંગે મક્કાવાસીએ હઝરત ઉસ્માન ગની રદિ.ને રોકી લીધા અને ખબર આ ફેલાઈ ગઈ કે હઝરત ઉસ્માન ગની રદિ.ને શહીદ કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ રાતના સમયે કેટલાક કાફરો ઘાત લગાવીને મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને કતલ કરવા આવ્યા જે પકડાઈ ગયા. આ પ્રસંગે હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે સહાબા હઝરાત રદિ.થી અલ્લાહના માર્ગમાં લડવા અને પોતાના પ્રાણ કુર્બાન કરવા માટે બૈઅત લીધી જે ઈસ્લામી ઈતિહાસમાં "બૈઅતે રિઝવાન"ના નામથી મશ્હૂર છે. સહાબા હઝરાત રદિ. જાંનિસારી, ફિદાકારીની ભાવના અલ્લાહને એટલી પસંદ આવી કે તેમનાથી ખુશ થવાની આયતે કરીમા નાઝિલ ફરમાવી.

જે લોકોએ નબીએ પાક સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો પોતાની આંખોથી જોયા, તેમની કદર કરી, દિલથી ઈમાન લાવ્યા, તેમની મજલિસના સાથી બન્યા, પોતાની સીરત તથા ચરિત્રને તેમના શિક્ષણથી પ્રકાશિત કર્યા, પોતાના ઘરબારને તેમના હિદાયતના દીપથી પ્રકાશિત કર્યા, તંગી તથા દુર્દશામાં તેમનો સાથ આપ્યો, જાન-માલ તેમના પર ન્યોછાવર કર્યો ઈસ્લામનું સીંચન તેમના પર ન્યોછાવર કર્યો. ઈસ્લામનું સીંચન પોતાના અશ્રુઓ અને લોહીથી કર્યું, તેમના મુકામ અને દરજ્જાનું શું કહેવું, તેમની મહાનતા તથા ઉચ્ચતાનું શું કહેવું, ખરેખર આ જ લોકો હતા કે જેમનાથી ઈસ્લામની બોલબાલા થઈ અને એટલા જ માટે અલ્લાહે તેમનાથી પ્રસન્ન હોવાની અભિવ્યક્તિ ફરમાવી.

(વધુ આવતા અંકે)

## રોશનીના મીનાર...

(સાતમા પાનાનું ચાલુ)

થોડી વાર રોકાઈને પછી બોલ્યા:

"મેં આપના કેટલાક સાથીઓને મારી નાખ્યા છે. આના બદલામાં તમે મારા માટે શું ફરમાવશો? રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યુ: સુમામા! આ બાબતમાં તમારા પર ન તો કિસાસ છે ન દંડ. કારણ કે, ઈસ્લામ તમારા બધા પાછલા અન્યાયો અને ગલત કામોને મિટાવી દે છે." પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઈસ્લામ સ્વીકારવા પર તેમને જન્નતની ખુશખબરી આપી. તેમનો ચહેરો ખુશીથી ચમકી ઊઠ્યો. તેમણે કહ્યું કે, ખુદાની કસમ! મેં જેટલા તમારા સાથીઓને માર્યા છે, તેના કરતાં ઘણા વધારે મુશ્રિકોને મારી નાખીશ. અને મારી જાતને, મારી તલવારને અને મારા અનુયાયીઓને તમારા અને તમારા દીનની સેવા માટે સમર્પિત કરીશ.

(અનુસંધાન 5મા પાને)


**આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)**

ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા



ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.) | ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)

ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી

અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમય: સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમય: સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી

Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

Reg.No. A-7183 | Google Reviews 4.8 | Top Rated Dental Clinic

Dr. Saba Baloch B.D.S. (Dental Surgeon)

**Dr. Saba Dental Clinic**
**Multi Speciality Family Dental Care**

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com



**SHAHEEN WEEKLY**
Bank A/c. No. : 163110100013154
Bank/Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.
NEFT



સમીર સાબુવાલા ૯૮૨૪૫ ૪૭૯૯૮ | પ્રો. યૂનુસભાઈ સાબુવાલા

રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ કાપડ મળશે અને ચણીયાના છૂટક તથા જથ્થાબંધ વેપારી

મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે ઢાલગરવાડ, કાપડ બજાર, અ'બાદ-૩૮૦૦૦૧.

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
**ઓલવિશ મેન્સવેર**
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
**શોએબ સિલેક્શન**
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

# શહીદ યાહ્યા સિનવારની વસિયત



હું યાહ્યા છું, એક શરણાર્થીનો પુત્ર, જેણે અજનબીપણાને અસ્થાયી વતન અને સ્વપ્નને શાશ્વત યુદ્ધમાં ફેરવી દીધું.

હું આ શબ્દો લખી રહ્યો છું અને મારા જીવનની દરેક ક્ષણ મારી નજર સમક્ષ છે. શેરીઓમાં વિતાવેલ બાળપણ, પછી લાંબા વર્ષો જેલમાં, પછી લોહીનું દરેક ટીપું જે આ ધરતી પર વહાવી દીધું.

મારો જન્મ ૧૯૬૨માં ખાન યુનિસની છાવણીમાં થયો હતો, આ તે સમય હતો જ્યારે પેલેસ્ટાઇન માત્ર એક ઝાંખી સ્મૃતિ હતી, જે છિન્ન ભિન્ન કરી દેવામાં આવી હતી. તે માત્ર કેટલાક નકશા હતા જે રાજકારણીઓના ડેસ્ક પર ભુલાવી દીધેલ હાલતમાં પડ્યા હતા.

હું એક એવી વ્યક્તિ છું જેણે આખું જીવન આગ અને રાખમાં વિતાવ્યું અને મેં ઘણા સમય પહેલાં શીખી લીધું કે અત્યાચારીઓની છાયામાં જીવવું એ શાશ્વત જેલમાં રહેવા સમાન છે. હું નાની ઉંમરે શીખી ગયો કે આ જમીન પર જીવન જીવવું સામાન્ય બાબત નથી. અહીં જન્મ લેનાર વ્યક્તિએ પોતાના હૃદયમાં અદમ્ય શસ્ત્ર રાખવું પડશે અને સમજવું પડશે કે સ્વતંત્રતાનો માર્ગ ઘણો લાંબો છે.

આપ લોકો માટે મારી વસિયત અહીંથી શરૂ થાય છે. તે છોકરા તરફથી જેણે જુલમી પર પહેલો પથ્થર ફેંક્યો હતો અને જેણે એ શીખ્યું કે પથ્થરો એ પ્રથમ શબ્દો છે જેના દ્વારા આપણે એવી દુનિયા સાથે વાત કરી શકીએ છીએ જે આપણા ઘાને જુએ છે અને મૌન રહે છે.

મેં ગાઝાની શેરીઓમાં એ શીખ્યું કે માણસને તેના જીવનના મહિનાઓ અને વર્ષોથી માપવામાં આવતો નથી, પરંતુ તે તેના વતનને શું સમર્પિત કરે છે તેના દ્વારા માપવામાં આવે છે.

જેલ અને યુદ્ધો, પીડા અને આશા - મારૂં જીવન બસ આનાથી જ વ્યાખ્યાયિત છે.

મેં પહેલીવાર ૧૯૮૮માં જેલમાં પ્રવેશ કર્યો અને મને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી, પરંતુ ડરને મેં મારી નજીક ફરકવા દીધો નહીં.

તે અંધારી કોઠડીઓની અંદર હું દરેક દીવાલમાં એક બારી જોતો જે દૂરની ક્ષિતિજ બતાવતી હતી. કેદના દરેક સળિયામાંથી પ્રકાશ નીકળતો જોતો જે જાણે સ્વતંત્રતાના માર્ગને પ્રકાશિત કરી રહ્યો હતો.

જેલમાં રહીને હું શીખ્યો કે ધીરજ એ માત્ર નૈતિક ગુણ નથી પણ એક શસ્ત્ર છે, એક કઠોર શસ્ત્ર છે, જે કોઈક સમુદ્રને ટીપું ટીપું કરીને પીવે..

મારી તમને વસિયત છે કે, જેલોથી ડરશો નહીં, જેલ એ આપણા આઝાદીના લાંબા રસ્તાનો એક ભાગ છે. જેલે મને શીખવ્યું કે સ્વતંત્રતા એ માત્ર અધિકાર નથી જે છીનવી લેવાયો છે, પરંતુ એક વિચાર છે, જે પીડાના ગર્ભમાંથી જન્મ લે છે અને ધૈર્ય વડે તેની ધાર તીક્ષ્ણ બને છે.

જ્યારે હું ૨૦૧૧માં 'અહરાર કી વફાદારી' નામની સંધિ હેઠળ જેલમાંથી બહાર આવ્યો ત્યારે હું પહેલાં જેવો નહતો રહ્યો. જ્યારે હું જેલમાંથી મુક્ત થયો ત્યાં સુધીમાં મારૂં વ્યક્તિત્વ મજબૂત થઈ ગયું હતું અને મને વિશ્વાસ થઈ ગયો હતો કે આપણે જે કરી રહ્યા છીએ તે અસ્થાયી સંઘર્ષ નથી પરંતુ આપણું ભાગ્ય છે, જેને આપણે આપણા લોહીના છેલ્લા ટીપા સુધી વહન કરીશું.

મારી વસિયત છે કે બંદૂકને ચુસ્તપણે પકડી રાખો, એ મહાનતા સાથે જેનો સોદો થઈ શકતો નથી અને એ સ્વપ્ન સાથે જે ક્યારેય મૃત્યુ પામે નહીં. દુશ્મન ઇચ્છે છે કે આપણે પ્રતિકાર છોડી દઈએ અને આપણા દાવાને ક્યારેય ન સમાપ્ત થતી વાટાઘાટોને સમર્પિત કરી દઈએ. પરંતુ હું તમને કહું છું: તમારો જે અધિકાર છે તેના પર વાટાઘાટો ન કરતા. તેઓ તમારા શસ્ત્રો કરતાં તમારી મક્કમતાથી વધુ ડરે છે. પ્રતિકાર એ માત્ર એક હથિયાર નથી જે આપણે ઉગામીએ છીએ. પ્રતિકાર એ પેલેસ્ટાઇન પ્રત્યેનો આપણો પ્રેમ છે જે આપણા દરેક શ્વાસ સાથે તાજગી પામે છે. પ્રતિકાર એ આપણો મક્કમ નિર્ધાર છે કે ઘેરાબંધી અને અસાધારણ અત્યાચાર છતાં આપણે બાકી રહેવાનું છે.

મારી વસિયત છે કે તમે શહીદોના લોહીને કાયમ વફાદાર રહો. તેઓ આ સંઘર્ષમાં ન્યોછાવર થઈ ગયા અને આપણા માટે આ કાંટાળો રસ્તો છોડીને ગયા. તેમણે પોતાના લોહીથી આપણી આઝાદીનો માર્ગ મોકળો કર્યો. રાજકારણીઓના હિત માટે અને ડિપ્લોમસીની રમતના મેદાનમાં આ બલિદાનોને વ્યર્થ ન જવા દો. આપણું કામ છે કે અગાઉના લોકોએ જે શરૂ કર્યું છે તેને પૂર્ણતા પર પહોંચાડીએ અને તે માર્ગથી રજભર ન ભટકીએ, પછી ભલે તેના માટે ગમે તેટલી કિંમત ચૂકવવી પડે. ગાઝા મક્કમતાનું કેન્દ્ર અને પેલેસ્ટાઇનનું હંમેશાં ધબકતું હૃદય રહ્યું છે અને રહેશે, પછી ભલે આ વિશાળ જમીન આપણા માટે કેટલીયે સાંકડી કેમ ન બની જાય.

અરબી થી ઉર્દૂ - ડૉ. મોહ્યુદ્દીન ગાઝી
ઉર્દૂ થી ગુજરાતી - ડૉ. શાકિબ મલેક

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર :૧૯૨

**પ્ર.૧ હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સમયમાં કેટલા સહાબા રદિ. કુર્આન મજીદના હાફિઝ હતા ?**

**પ્ર.૨ શું આપ જણાવી શકો છો કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની વડી અદાલત ક્યાં યોજાતી હતી ?**

**પ્ર.૩ શું આપ જણાવી શકો છો કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે કયા પાંચ લોકો વિષે ફરમાવ્યું છે કે જન્નત તેમના પર મોહિત છે ?**

**પ્ર.૪ શું તમે એ સૌ પ્રથમ મુહાજિરનું નામ જણાવી શકો જેમનો ઈન્તેકાલ મદીનામાં થયો ?**

---

### ક્વિઝ નં.૧૯૧ના જવાબો

---

ઉ.૧ ૨૨ (બાવીસ).

ઉ.૨ મસ્જિદે નબવી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમમાં.

ઉ.૩ (૧) નમાઝ અને કુર્આનેપાક પઢનારાઓ પર. (૨) જીભને નિરર્થક કે ફાલતુ વાતોથી રોકનાર ઉપર. (૩) ભૂખ્યા જનોને ખવડાવનારા પર. (૪) નિર્વસ્ત્રને વસ્ત્રો પહેરાવનારા પર અને (૫) હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ઉપર દરૂદ શરીફ પઢનારા ઉપર.

ઉ.૪ હઝરત ઉસ્માન રદિ. બિન મઝઊન

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**

# રશાની વસિયત.. માનવતાનો ચિરાગ

## *ગાઝાની શહીદ કમસીન છોકરીની વસિયત..જેને વાંચીને દરેક આંખ આંસૂ વહાવી રહી છે..*

ગાઝાની સાંજમાં એ જ શોરબકોર હતો જે મોટાભાગની રાત્રીઓમાં સાંભળવા મળે છે..ગલીઓમાં બોંબના અવાજો અને વાતાવરણમાં ભયના ઓથાર..પણ આ બધા અવાજોની વચ્ચે એક નાનકડી બાળકી રશા,પોતાના ઓરડામાં ખામોશ બેસી હતી..તે છતના નાના કાણામાંથી આકાશને તાકી રહી હતી જ્યાં ચાંદ પોતાની હલકી રોશનીના પાલવથી રાતને ઢાંકી રાખી હતી..

રશાના મનમાં એક અજાણો ભય હતો..પરંતુ આ ભય સાથે એક વિચિત્ર રોશની પણ હતી..એક સ્વપ્નની રોશની..એક આશાની રોશની..તેણે પોતાની નાનકડી બેગમાં થોડી પુસ્તિકાઓ,થોડા રમકડાં અને તેને ગમતા કપડાં મૂકી રાખ્યા હતા..તે આ ચીજોને ખૂબ પ્રેમથી જોતી અને વિચારતી:

"આ બધું મારા કઝિન્સને આપી દઈશ જ્યારે હું તેમને મળવા જઈશ."

પરંતુ રશાના મનમાં કંઈક બીજું પણ હતું..એક વિચિત્ર એહસાસ..જાણે તેની જિંદગીનો સફર ખૂબ જલ્દી ખતમ થઈ જનારો છે..તેણે પોતાના મા-બાપને ખામોશીથી જોયા, જેઓ બીજી તરફ બહારનું દૃશ્ય જોઈ રહ્યા હતા..બોંબના પ્રકાશ અને ધડાકાઓના અવાજો વચ્ચે.. એ જાણતી હતી કે આ બધું ક્યાં સુધી ચાલશે.. અથવા કદાચ તે પોતે આનો હિસ્સો બની જશે..


ખબીબ કાઝમી

એ રાત્રે રશાએ એક નાનકડો કાગળ કાઢ્યો અને પોતાની નાનકડી આંગળીઓથી લખવાનું શરૂ કર્યું:

"જો હું શહીદ થઈ જાઉં તો મારા કપડાં જરૂરતમંદોને આપી દેજો..મારી વસ્તુઓ,મારા રમકડાં, પુસ્તકો મારા કઝિન્સમાં વહેંચી દેજો અને પ્લિઝ મારા માટે રડતાં નહીં કેમકે આપને રડતાં જોઈને મને ખૂબ દુઃખ થાય છે.."

આ નિર્દોષ શબ્દો એ બાળકીના દિલના ઊંડાણમાંથી નીકળ્યા હતા જેણે પોતાના અલ્પ જીવનની પ્રત્યેક ક્ષણમાં બીજાઓનું ધ્યાન રાખ્યું હતું.. તેણે ન તો ક્યારેય પોતાના વિષે વિચાર્યું, ન જ પોતાની તકલીફોની ફરિયાદ કરી..તે જાણતી હતી કે દુનિયામાં એવા લોકો પણ છે જેમને તેની નાની નાની વસ્તુઓ પણ ખુશી આપી શકે છે..

બીજી સવારે સૂરજની કિરણો હજુ જમીન પર પહોંચી પણ ન હતી કે વાતાવરણમાં એક જોરદાર ધડાકો સંભળાયો..રશાનું ઘર જમીનદોસ્ત થઈ ગયું અને તે પોતાના ભાઈ અહમદ સાથે ઘરના કાટમાળમાં દફન થઈ ગઈ..તેના મા-બાપ ચીસો પાડતા કાટમાળ તરફ ધસી ગયા..પરંતુ ત્યાં સુધી બધું ખતમ થઈ ચૂક્યું હતું.. રશા અને અહમદ બંને આ દુનિયાથી વિદાય થઈ ચૂક્યા હતા..

જ્યારે સ્વયં સેવકો કાટમાળમાં શોધી રહ્યા હતા તો તેમને રશાનો એ જ પત્ર મળ્યો જે તેણે રાત્રે લખ્યો હતો..

તે પત્ર હવે એક વસિયત બની ચૂક્યો હતો. .એક માસૂમ બાળકીની અંતિમ ખ્વાહિશ..અંતિમ ઇચ્છા..

રશાની આ વસિયત જ્યારે તેના મા-બાપના હાથમાં પહોંચી તો તેમના આંસૂ બેકાબૂ થઈ ગયા..પરંતુ તેઓ પોતાની દીકરીની વસિયતના શબ્દોને યાદ કરીને ચોધાર આંસુએ રડી પણ ન'હોતા શકતા!!

"મારા માટે ન રડતાં, આપને રડતાં જોઈને મને દુઃખ થાય છે."

આ શબ્દો તેમના કાનમાં ગૂંજી રહ્યા હતા..

(અનુસંધાન બીજા પાને)



# હઝરત સુમામા બિન ઉસાલ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

**રોશનીના મીનાર**

● ડૉ. અબ્દુર્રહમાન રફત પાશા

અલ્લાહના અંતિમ રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે હિજરી સન ૬માં ઇસ્લામની દા'વતના દાયરાને વ્યાપક બનાવવાનો ઇરાદો કર્યો. આ માટે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આરબ અને બિન આરબ શાસકોને આઠ દા'વતી પત્રો લખ્યા હતા. જે શાસકોને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આ પત્રો મોકલ્યા હતા, તેમાંથી એક સુમામા બિન ઉસાલ હનફી પણ હતા. સુમામાને મહત્ત્વના શાસકોમાં સામેલ કરવા અને તેમના ત્યાં દા'વતી પત્ર મોકલવો આશ્ચર્યજનક અને નવાઈ પમાડે એવો ન હતો, કારણ કે તે અત્યંત પ્રભાવશાળી અને મહત્ત્વપૂર્ણ વ્યક્તિત્વના માલિક હતા.તે ઇસ્લામ પહેલાંના અજ્ઞાનતાના યુગમાં આરબનો એક શાસક, બનૂ હનીફાનો એક અગ્રણી વડો અને યમામા વિસ્તારના એવા રાજાઓમાંથી એક હતા,જેની કોઈ વાત રદ કરવામાં આવતી ન હતી.

જ્યારે સુમામાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો સંદેશો પહોંચ્યો ત્યારે તેમણે તેની સાથે અત્યંત અપમાનજનક અને બેજવાબદારીપૂર્ણ વર્તન કર્યું. ખોટા વિચારો અને અજ્ઞાની અહંકારે તેમને ગુના પર અડગ કરી દીધા અને તેમણે હકની દા'વતથી પોતાના કાન બંધ કરી લીધા. પછી શૈતાન તેમના પર સવાર થઈ ગયો અને સતત તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની હત્યા કરીને તેમની દા'વતને નાશ કરવા માટે ઉશ્કેરતો રહ્યો. તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર અચાનક હુમલો કરીને તેમનું કામ પૂરું કરી નાખવા માંગતો હતો અને તેના આ ગંદા ઇરાદાને પૂરો કરવા માટે તે કોઈ યોગ્ય તકની રાહ જોતો રહ્યો. અને જો તેના કાકાએ યોગ્ય સમયે તેને આ ઇરાદો પૂરો કરવાથી રોક્યો ન હોત તો તેનો આ ગંદો ઇરાદો સફળ થઈ ગયો હોત. પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના નબીને તેના દુષ્કર્મથી બચાવી લીધા. સુમામા જો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને મારવાના ઇરાદાથી તો પાછો હટી ગયો, પરંતુ તે આપના સહાબાઓ રદિ.ને મારવાના ઇરાદાથી હટ્યો નહીં. તે સતત રાહ જોતો રહ્યો. આખરે તે થોડા સહાબાઓ રદિ. પર કાબૂ મેળવવામાં સફળ થયો અને તેમને અત્યંત પીડાદાયક રીતે શહીદ કરી નાખ્યા. આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે સહાબાઓ રદિ.માં આ વાતની જાહેરાત કરી કે જ્યાં ક્યાંય તે મળે, તેને મારી નાખવો. સહાબા કિરામ રદિ.ની હત્યા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના આ એલાનના થોડા દિવસો પછી, સુમામાએ ઉમરાહ કરવાનો નિર્ણય કર્યો અને આ ઇરાદા સાથે તેઓ તેમના વિસ્તાર યમામાથી મક્કા તરફ રવાના થયા. ત્યાં પહોંચીને તેઓ કા'બાના તવાફ કરવા અને તેમાં રાખેલ મૂર્તિઓ માટે કુર્બાની આપવાનો ઇરાદો રાખતા હતા, પરંતુ તેમની આ યાત્રા દરમિયાન તેઓ મદીના નજીકના એક રસ્તેથી પસાર થતાં અચાનક એક એવી આફતમાં ફસાયા, જેની તેમને કલ્પના પણ ન'હોતી. વાત એમ બની કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દ્વારા મોકલવામાં આવેલ કેટલાક મુસ્લિમોના એક સૈન્ય દળે જે આ ખતરાને ધ્યાનમાં રાખીને કે કોઈ દુશ્મન રાત્રિના અંધકારનો ફાયદો ઉઠાવીને મદીનાના રહેવાસીઓને નુકસાન ન પહોંચાડે, સુમામાને જોયા અને તેને પકડી લીધો (જો કે તેમાંથી કોઈ તેને ઓળખતું ન હતું) અને તેને મદીના લઈ આવ્યા, તેને મસ્જિદના એક સ્તંભ સાથે બાંધી દીધો અને આની રાહ જોવા લાગ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ આ કેદીની સ્થિતિથી વાકેફ થઈને તેના વિશે કોઈ નિર્ણય જાહેર કરશે. જ્યારે રસૂલુલ્લાહ સલ્લ. ઘરથી મસ્જિદ તરફ આવ્યા અને તેમાં પ્રવેશ કરવાનો ઇરાદો કર્યો ત્યારે તેમની નજર સુમામા પર પડી જે સ્તંભ સાથે બંધાયેલો હતો. આપ સ.અ.વ.એ સહાબીઓ રદિ.ને પૂછ્યું:

“શું તમે જાણો છો કે તમે કોની ધરપકડ કરી છે?”

“ના, અલ્લાહના રસૂલ! સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અમે તેમને જાણતા નથી. સહાબીઓએ અરજ કરી:

આ બનૂ હનૂફા કુળના સરદાર સુમામા બિન ઉસાલ છે. તેમની સાથે સારો વ્યવહાર કરો. આપ સ.અ.વ.એ કેદીનો પરિચય કરાવતાં કહ્યું. પછી આપ ઘરે પરત ફર્યા અને ઘરવાળાઓને કહ્યું કે તમારી પાસે જે પણ ખાવાનું હોય, તેને એકઠું કરીને સુમામા બિન ઉસાલ પાસે મોકલો. પછી આપ સ.અ.વ.એ હુકમ કર્યો કે મારી ઊંટણીનું દૂધ સવાર-સાંજ દોહીને તેને આપવામાં આવે. પછી આપ સુમામાને ઇસ્લામ તરફ આકર્ષવાના ઇરાદે તેમની પાસે ગયા અને તેમને પૂછ્યું:”

“સુમામા! તમારો શું વિચાર છે? તું અમારી પાસેથી કેવા વ્યવહારની અપેક્ષા રાખે છે?”

“હું આપના વિષે સારા વિચાર રાખું છું અને આપની પાસેથી સારા વર્તનની અપેક્ષા રાખું છું. પરંતુ જો તમે મારી હત્યાનો નિર્ણય કરો છો, તો તમે એવી વ્યક્તિને મારવામાં હાથ વધારશો, જે મૃત્યુ પામી છે. અને જો તમે ઉપકાર કરીને મને છોડશો, તો તમે એક પરોપકારી વ્યક્તિને આપના ઉપકારનો આભારી બનાવશો. અને જો તમને સંપત્તિની ઇચ્છા હોય, તો તે પણ કહો, જેટલું ધન તમે ઇચ્છો છો, તમને આપવામાં આવશે.” તેણે ઉત્તર આપ્યો.

આ વાતચીત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સુમામાને તેની હાલત પર છોડી દીધા અને બે દિવસ સુધી તેમણે તેમની સાથે કોઈ વાતચીત કરી નહીં. આ દરમિયાન તેમની પાસે હંમેશની જેમ ખાવા-પીવાની વસ્તુઓ અને ઊંટણીનું દૂધ પહોંચતું રહ્યું. બે દિવસ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ફરીથી તેમની પાસે તશરીફ લાવ્યા અને તે જ સવાલ કર્યા.

“તમારો શું અભિપ્રાય છે? તમે અમારી પાસેથી કેવા વ્યવહારની અપેક્ષા રાખો છો?”

તેણે જવાબ આપ્યો: “મારી પાસે કહેવા માટે એ જ વાતો છે જે હું પહેલાં કહી ચૂક્યો છું. જો તમે મારા પર કોઈ ઉપકાર કરો છો, તો તમે એવી વ્યક્તિ પર ઉપકાર કરશો જે તેની કદર કરશે. અને જો તમે મારી હત્યા કરવાનું નક્કી કરો છો, તો તમારો આ નિર્ણય સાચો હશે. કારણ કે હું તમારા માણસોને મારીને તેના લાયક બની ગયો છું. અને જો તમને ધનની ઇચ્છા હોય તો કહો, જે ઇચ્છો તે તમને આપવામાં આવશે.”

આ અવસરે પણ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તેને વધુ કંઈ કહ્યું નહીં, પરંતુ તેને છોડીને ચાલ્યા ગયા. જો કે, આગલા દિવસે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ફરી તેની પાસે ગયા અને ફરી એ જ સવાલ પૂછ્યા:

“સુમામા! તારે અમારી પાસેથી કયા વર્તનની અપેક્ષા છે?”

અને તેણે પણ પહેલાંની જેમ જ જવાબ આપ્યો.

“જો આપ મારા પર ઉપકાર કરશો તો એક કૃપાપાત્ર વ્યક્તિ પર ઉપકાર કરશો અને જો મને મારી નાખો તો હું તેનો હકદાર છું અને જો તમને પૈસાની જરૂર હોય તો કહો, તમે જે પૈસા માંગશો તે હું તમને આપી દઈશ.”

પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે સહાબાઓને સંબોધતાં કહ્યું કે, ‘સુમામાને છોડી દો.’ અને આજ્ઞા અનુસાર તેની સાંકળો ખોલવામાં આવી. આઝાદ થઈને સુમામા મસ્જિદમાંથી બહાર નીકળીને મદીનાની બહાર બકીઅ નામના એક ખજૂરના બગીચામાં ગયો, જ્યાં એક કૂવો હતો. તેણે પોતાના ઘોડાને તે કૂવાની પાસે બાંધીને તેના પાણીથી સારી રીતે ન્હાઈને શુદ્ધ થયો અને પછી તે જ રસ્તે ફરી મસ્જિદમાં પાછો આવ્યો. તે મસ્જિદમાં મુસ્લિમોની એક મજલિસની નજીક પહોંચીને ઊંચા અવાજે કલમએ શહાદત વાંચીને પોતાનો ઇસ્લામ સ્વીકાર્યો. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તરફ નજર કરીને બોલ્યો કે...

“હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ! ખુદાની કસમ, ધરતી પર આપના ચહેરા કરતાં વધુ ઘૃણાસ્પદ અને નફરતપાત્ર કોઈ ચહેરો આ અગાઉ મારા નજીક ન'હોતો. પણ હવે આપ મને દરેક ચહેરા કરતાં વધુ પ્રિય છો. અને ખુદાની કસમ, આપના દીન કરતાં વધુ નફરતપાત્ર મારા નજીક કોઈ ધર્મ ન'હોતો. પરંતુ હવે મને આ દીન બધા કરતાં વધુ પ્રિય છે. અને ખુદાની કસમ, આપના શહેર કરતાં વધુ નફરતપાત્ર મારા નજીક કોઈ બીજું શહેર નહોતું, પણ હવે આપનું આ શહેર મને બધા શહેરો કરતાં વધુ પ્રિય છે.”

(અનુસંધાન 5મા પાને)




TWIST — MAKERS OF PLASTIC MACHINERIES
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૯૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ
કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# ઝકાત સેન્ટર અહમદાબાદ દ્વારા રોજગાર યોજના હેઠળ યોજાયેલ સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ




અહમદાબાદ: ઝકાત સેન્ટર અહમદાબાદ દ્વારા રોજગાર યોજના હેઠળ આજે સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમમાં ડો. મુહમ્મદ સલીમ પટીવાલા સાહેબે જણાવ્યું કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં મો'મિન બંદાઓને સ્પષ્ટ જણાવ્યું છે કે નમાઝ પછી અલ્લાહના ફઝલ એટલે કે રોજીની શોધમાં ધરતી ઉપર ફેલાઈ જાવ. તેમજ રોજી પ્રાપ્તિ દરમ્યાન અલ્લાહને યાદ કરતા રહો જેથી હલાલ અને હરામના ભેદને પારખીને પવિત્ર કમાણી કરી ઘરમાં બરકત માટેના દ્વાર ખોલી શકાય. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે પણ સહાબીના સવાલ ઉપર તેમની વસ્તુઓ વેચીને તેમને બજારમાંથી કુહાડી મંગાવીને પોતાના પવિત્ર હાથે હાથો લગાવી આપીને મેહનત કરીને રોજી મેળવવાની સોનેરી સલાહ આપી.

જરૂરિયાતમંદ ૭ પરિવારોને આજ રોજ ઝકાત સેન્ટરના હોદ્દેદારો દ્વારા સિલાઈ મશીન વિતરણ કરવામાં આવ્યા હતા, એ આશા સાથે કે આ ૭ પરિવારો આર્થિક રીતે સદ્ધર થાય અને હલાલ કમાણીથી પોતાના ઘરનું ગુજરાન ચલાવે. અને એવી દુઆ સાથે આ નાનકડા કાર્યક્રમનું સમાપન થયું હતું.

ઝકાત એક શક્તિશાળી આર્થિક ગતિવિધિ છે જે મુસલમાનો ઉપર ફરજિયાત કરવામાં આવી છે, આ એક ઈસ્લામી ઈબાદત છે. ઝકાતની સામૂહિક વ્યવસ્થા સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે તો ગરીબીને સહેલાઈથી નાબૂદ કરી શકાય છે. ગરીબી આર્થિક અસમાનતાને કારણે આવે છે. ઝકાતની વ્યવસ્થામાં ધનનો પ્રવાહ ઉપરથી નીચેની તરફ થાય છે, ધન જૂજ ધનિકો પૂરતું એકત્રિત રહેતું નથી અને તેની પ્રમાણસરની વહેંચણી થાય છે અને સમાજના છેવાડાના લોકો સુધી તેનો લાભ પહોંચે છે.આ માટે જરૂરી છે કે અહમદાબાદ શહેરના મુસ્લિમો સમક્ષ આ સામૂહિક વ્યવસ્થાની છણાવટ થાય અને તેમને ઝકાત સેન્ટર સાથે જોડાવવાના પ્રયત્નો થાય. અને ઈસ્લામની આ ઝકાતની વ્યવસ્થાને આર્થિક સદ્ધરતાના એક ઉત્તમ વિકલ્પ તરીકે પ્રસ્તુત કરવામાં આવે જેથી તેનો લાભ સમસ્ત મુસ્લિમ સમુદાય સુધી પહોંચી શકે.

ઝકાત સેન્ટર ઈન્ડિયા, અહમદાબાદ ચેપ્ટરના સેક્રેટરી વાસિફ હુસૈને અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું હતું કે, "ઝકાત સેન્ટર ઈન્ડિયા ઝકાતની સામૂહિક વ્યવસ્થા થકી મુસલમાનોને સ્વાભિમાની, આત્મ-નિર્ભર અને ગરીબી-મુક્ત ઉમ્મત બનાવવાનો એક પ્રમાણિક પ્રયાસ છે. અત્યારે ઝકાત સેન્ટર ઓફ ઈન્ડિયા અહમદાબાદ દ્વારા આજીવિકા લક્ષિત રોજગાર યોજના જેમકે વેપાર, દુકાન, લારી, ટુલ્સ કામના સાધનો, મશીનો, ધંધાકીય મૂડી અને લઘુ ઉધોગ તેમજ શિક્ષણ યોજના થકી સ્નાતક કે અનુસ્નાતક સ્તરે Humanities (કાયદા, મીડિયા, અર્થશાસ્ત્ર, સોશ્યલ સાઈન્સ, ઈતિહાસ વિ.) Artificial Intelligence જાહેર સેવાઓ (Civil Services), કૌશલ્ય વિકાસ (Skill Development) જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની સહાયની યોજના બનાવવામાં આવી છે. આના માટે ઝકાત સેન્ટર ઈન્ડિયા, અહમદાબાદ ચેપ્ટર જરૂરતમંદ વ્યક્તિઓની અરજીઓ આમંત્રિત કરે છે. **તમે બી-૪ કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, જુહાપુરા, અહમદાબાદ - ૫૫ પર આવેલા અમારા કાર્યાલયનો સંપર્ક કરી શકો છો, અથવા તો, zciahmedabad@gmail.com પર ઈમેઈલ અથવા ૭૦૧૬૬ ૫૧૪૪૮ પર વોટ્સએપ કરી શકો છો.** આ યોજના અહમદાબાદ શહેર પૂરતી મર્યાદિત છે."

# મહિલા વિભાગ, JIH, અહમદાબાદ પૂર્વ દ્વારા 'જામિઅતુલ મદીના' કોર્સ પૂર્ણ થવા પર પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ



૧૫ વર્ષથી વધુ ઉંમરની વિદ્યાર્થિનીઓ અને મહિલાઓને દીનની મૂળભૂત બાબતો શીખવવા માટે જામિઅતુલ મદીના નામનો એક કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં કુર્આન અને હદીસ, ફિક્હ અને દીનિયાત, સીરત અને અખ્લાક અને ઈતિહાસ અને સમાજશાસ્ત્ર વિ. વિષયોનો સમાવેશ થાય છે. મહિલા વિભાગ, જમાઅતે ઈસ્લામી હિંદ, અહમદાબાદ પૂર્વ દ્વારા આ એક વર્ષના કોર્સના અંતે જમાઅતની ઓફિસ પર તારીખ ૨૦ ઓક્ટોબર રવિવારના રોજ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ખદીજા મુહમ્મદીના કુર્આન પઠનથી થઈ. ત્યારબાદ કોર્સની કન્વીનર શબીના અન્સારીએ ઉદ્ઘાટન ભાષણ કર્યું હતું. વિશેષ મહેમાન આરિફા પરવીન (અસિસ્ટન્ટ સેક્રેટરી જમાઅતે ઈસ્લામી હિંદ)એ પોતાના પ્રમુખીય ભાષણમાં મહિલાઓ અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી કહ્યું કે ઘરના પરિવર્તનમાં મહિલાઓની ભૂમિકા ખૂબ મહત્ત્વની હોય છે. મુસ્લિમ સમાજની મહિલાઓ અને આધુનિક અભ્યાસુ છોકરીઓમાં દીની જ્ઞાનના વિકાસ અને નૈતિક શિક્ષણ માટે જામિઅતુલ મદીનાનો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. તેમણે શિક્ષકોને પણ પ્રોત્સાહિત કર્યા જેમના પરિશ્રમ અને સહકાર વગર કોર્સ પૂર્ણ કરવો શક્ય ન હતો. તમામ વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ અને ઈનામોથી નવાજવામાં આવ્યા અને શિક્ષકોને ગિફ્ટ આપવામાં આવી. કાર્યક્રમનો અંત દુઆ સાથે થયો.

## વાચકો જોગ સૂચના

**જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.**

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
ફોન: ૬૩૫૬૧૬૨૭૬૮

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura
ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

મો. આદીલ : 9900007867
શાહ-એ-આલમ ટ્રેડીંગ કંપની
તીરૂપતી
ફોર્ચ્યુન
પામોલીન
ગુલાબ
સફોલા
અંકુર
તેલના છુટક તથા જથ્થાબંધ વહેપારી
મોહંમદી સોસાયટીની સામે, શાહ-એ-આલમ, અહમદાબાદ-૩૮૦૦૨૮

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**